[redacted]



| કોષ્ટક | | |
|---|---|---|
| ક્રમ | પ્રવૃતિ | કન્ટેઈનમેન્ટ ઝોન / વિસ્તારોની બહાર નીચે મુજબની પ્રવૃતિઓ ચાલુ / બંધ રાખવા અંગેની વિગત |
| ૧. | તમામ શૈક્ષણિક, તાલીમી, સંશોધન, કોચિંગ સંસ્થાઓ | ના,– ફક્ત ઓનલાઈન / ડીસ્ટન્સ લર્નિંગ ચાલુ રાખી શકાશે. તેમજ ફક્ત વહીવટી ઓફિસો ચાલુ રાખી શકાશે. –સરકારી તાલીમ સંસ્થાઓ તા. ૧૫/૦૭/૨૦૨૦ થી SOPs સાથે ચાલુ રાખી શકાશે. |
| ૨. | સિનેમા હોલ્સ, જીમ્નેશીયમ, સ્વીમીંગ પુલ, એન્ટરટેઈનમેન્ટ પાર્ક, થીએટર, ઓડીટોરીયમ, સભાખંડ તથા તે સમાન સ્થળો | ના |
| ૩. | સામાજીક/રાજકીય/સ્પોર્ટસ/મનોરંજન/ શૈક્ષણિક/સાંસ્કૃતિક/ધાર્મિક ફંકશનો કે અન્ય મોટી સંખ્યાના સામુદાયિક કાર્યક્રમો | ના,– ફક્ત અંતિમ વિધિ / સ્મશાનયાત્રામાં ફક્ત ૨૦ લોકો તથા લગ્નોમાં ફક્ત ૫૦ લોકો જ એકઠા થઈ શકશે. |
| ૪. | હોટેલ્સ તથા અન્ય આતિથ્ય સેવાઓ, રેસ્ટોરન્ટસ તથા શોપિંગ મોલ્સ | હા:– ( ૮ જુન ૨૦૨૦થી અમલમાં આવેલ માર્ગદર્શિકાઓ (SOPs) મુજબ) |
| ૫. | તમામ ધાર્મિક સ્થળો | હા :– ૮ જુન ૨૦૨૦ની માર્ગદર્શિકા (SOP) મુજબ સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને ખોલી શકાશે પરંતુ, કોઈપણ કાર્યક્રમો / મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકશે નહી. |
| ૬ | શેરી ફેરીયાઓ | હા:– નગરપાલિકા ધ્વારા અધિકૃત કરેલ વિસ્તારોમાં માર્ગદર્શિકા (SOPs) મુજબ |
| ૭ | લાઈબ્રેરી | ૬૦% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે. |
| ૮. | GSRTC બસ સેવાઓ | હા |
| ૯. | સીટીબસ સેવાઓ | હા :– ૬૦% કેપેસીટી સાથે ફક્ત કન્ટેઈનમેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં ચાલુ રાખી શકાશે. |
| ૧૦. | ખાનગી બસો | હા:– કુલ કેપેસીટીના ૬૦% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે. (૧) GSRTC (એસ.ટી.બસો)ની સમાન ગાઈડલાઈન મુજબ (૨) કોઈ વ્યકિતને બસની અંદર ઉભી રાખી શકાશે નહી. |
| ૧૧. | ઓટો રીક્ષા | હા:– ૧ ડ્રાયવર + ૨ પેસેન્જર |
| ૧૨. | કેબ , ટેક્ષી, કેબ એગ્રીગેટર્સ(એકત્રીકરણ), ખાનગી વાહનો | હા:– ૧ ડ્રાયવર + ૨ વ્યકિતઓ પરંતુ, જો સીટીંગ કેપેસીટી ૬ અથવા વધુની હોય તો ૧ ડ્રાયવર + ૩ વ્યકિતઓ ને છુટ રહેશે. |
| ૧૩. | ટુ વ્હીલર્સ | હા :– ફક્ત ૨ વ્યકિતઓને છુટ રહેશે. |
| ૧૪. | ખાનગી ઓફિસો | હા પરંતુ સોશીયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે તેમજ "વર્ક ફ્રોમ હોમ" ને અગ્રતા આપવાની રહેશે. |
| ૧૫. | બેંકો | હા |
| ૧૬. | સરકારી ઓફિસો | હા |

–: વિસ્તાર :–

આ હુકમ નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

–: અમલવારીનો સમય:–

આ જાહેરનામું તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીનાં કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

